بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.31-03-2017 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું:

દુનિયામાં કોઈ મનુષ્ય એવો નથી જે પ્રત્યેક દોષથી, પ્રત્યેક દ્રષ્ટિથી પવિત્ર હોય. અલ્લાહ તઆલાનો એક ગુણ સત્તાર છે જે આપણા દોષોને છુપાવે છે. જો મનુષ્યની ભૂલો, દોષ તથા પાપ જાહેર થવા લાગે તો કોઈને મોં બતાવવાને લાયક ન રહે. અલ્લાહ તઆલા જે સત્તારૂલ ઉયૂબ છે અને ગફ્ફારૂઝઝુનૂબ છે તેણે આપણા પર ઉપકાર કરતા આપણને ઇસ્તિગફારની દુઆ સિખવાડી કે તમે જ્યાં પોતાના દોષો તથા ભૂલોથી બચવાનો પ્રયાસ કરો, ત્યાં ઇસ્તિગફાર પણ કરો તો હું તમારા ગુનાહોને પણ માફ કરીશ, તમારા દોષોને છુપાવીશ, તમારી દુઆઓને કબૂલ કરીશ. સામાન્ય રીતે તો અલ્લાહ તઆલા પ્રત્યેક દોષોને છુપાવે છે. અલ્લાહ તઆલાની ક્ષમાશીલતા વિશેષ રૂપથી તે લોકોને પણ પોતાની ચાદરમાં લપેટે છે જે ઇસ્તિગફાર કરનાર છે. ગિફરનો અર્થ પણ છુપાવવું અને ઢાંકવું થાય છે તથા આ જ અર્થ ન્યૂનાધિક સતરનો છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને ફરમાવે છે કે ઈસ્લામે જે ખુદા પેશ કર્યો છે અને મુસલમાનોએ જે ખુદાને માન્યો છે તે રહીમ, કરીમ, હલીમ, તવ્વાબ અને ગફફર છે. જે મનુષ્ય સાચી તૌબા કરે છે, અલ્લાહ તઆલા તેની તૌબા કબૂલ કરે છે તથા તેના પાપોને ક્ષમા કરી દે છે પરંતુ દુનિયા વાળા, જો કોઈ વ્યકિત ગુનો કરે અથવા કોઈ દોષને છોડી પણ દે, તો પણ તેને દોષ પૂર્ણ તથા સંદેહની દ્રષ્ટિથી જોનાર છે પરંતુ અલ્લાહ તઆલા કેવો કરીમ છે કે મનુષ્ય હઝારો પાપ કરીને પણ રજુઅ કરે છે માફી માંગે છે તો ક્ષમા કરી દે છે. ફરમાવ્યું કે દુનિયામાં કોઈ મનુષ્ય એવો નથી જે આટલો બધો અનદેખો કરે જેટલો ખુદા તઆલા કરે છે કેવળ નબીઓ સિવાય. ખુદા તઆલા પછી નબી છે જે આટલું કરી શકે છે અને તેમના સિવાય કોઈ નથી કરતો.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ખુદા તઆલાની સત્તારી એવી છે કે તે મનુષ્યના ગુનાહો તથા દોષોને જોવે છે પરંતુ પોતાની આ વિશેષતાના કારણે તેના દોષોને તે સમય સુધી, જ્યાં સુધી કે તે નિશ્ચિત સીમાથી ન વધી જાય, ઢાંકે છે પરંતુ મનુષ્ય કોઈ બીજાની ભૂલો જોતો પણ નથી અને શોર મચાવે છે. આપ ફરમાવે છે કે વિચાર કરો કે તેમની દયા અને કૃપાની કેટલી મહાન વિશેષતા છે. ફરમાવ્યું જો અલ્લાહ તઆલા પકડવા પર આવે તો તમામને નષ્ટ કરી દે પરંતુ તેનો રહેમ અને દયા અત્યંત વિસ્તૃત છે તથા તેના પ્રકોપ પર ભારી છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે જો આપણે આ વાતને સમજી લઈએ અને પોતાના સાથીઓ, પોતાના ભાઈઓ, પોતાનાથી સંબંધિત લોકોના મામલાની ટોહ ન લગાવતા ફરીએ, જીજ્ઞાસા ન કરીએ, તેમની દુર્બળતાઓને શોધતા ન ફરીએ તો એક પ્રેમ અને મહોબ્બત વાળો તથા શાંતિપૂર્ણ સમાજ સ્થાપિત થઈ શકે છે. આપણામાંથી અનેક એવા છે જે બીજાના દોષોને છુપાવવાના બદલે બીજાના દોષને જાહેર કરવાના પ્રયાસમાં હોય છે અને જ્યારે તેમના પોતાના વિશે કોઈ વાત કરી દે અથવા કોઈ માધ્યમથી તેમને આ માલૂમ થઈ જાય કે અમુક વ્યકિતએ મારા વિષયમાં આ પ્રકારની વાત કરી હતી તો ક્રોધિત થઈ જાય છે, અત્યંત ક્રોધિત થઈને મરવા મારવા પર તૈયાર થઈ જાય છે. આપણે પ્રત્યેક સમયે આંહઝરત સ.અ.વ.નો આ નિર્દેશ સામે રાખવો જોઈએ કે જે પોતાના માટે ઈચ્છીએ છીએ તે જ પોતાના ભાઈ માટે ઈચ્છો. પોતાના માટે દોષ છુપાવવું પસંદ છે તો બીજા માટે પણ આ જ ભાવના રાખવી જોઈએ અને આ સ્વર્ણ નિયમ છે જે સમાજની શાંતિ માટે પણ અનિવાર્ય છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે દોષ જોઈને તેને ફેલાવવાના બદલે પ્રત્યેકે ઈસ્તિગફાર કરવું જોઈએ. અલ્લાહ તઆલા નિઃસ્વાર્થ છે તથા આ વાતથી ડરવું જોઈએ કે આપણી અંદર પણ જે અસંખ્ય દોષ છે, તે જાહેર ન થઈ જાય. જો નેક નિય્યતથી મનુષ્ય બીજાના દોષો છુપાવે છે તો અલ્લાહ તઆલાની કૃપાઓનો ઉત્તરાધિકારી બને છે. હઝરત મસીહ મૌઉદ અ.સ.ની આ વાતને હંમેશા યાદ રાખવી જોઈએ કે જો ખુદા તઆલા પકડવા પર આવે, હિસાબ કિતાબ લેવા લાગે તો તમામને નષ્ટ કરી દે. માટે ખુબ જ ભયનો અવસર છે અને પ્રત્યેક સમયે ઈસ્તિગફાર કરતા રહેવા તરફ ધ્યાન

આઆપવાની જરૂર છે. આંહઝરત સ.અ.વ.એ એક અવસરે ફરમાવ્યું કે જેણે પોતાના મુસલમાન ભાઈના કોઈ દોષને છુપાવ્યો અલ્લાહ તઆલા કયામતના દિવસે તેના દોષને છુપાવશે, તેની પર્દા પોશી ફરમાવશે, તેને ઢાંકશે અને સત્તારી ફરમાવશે. અને જો કોઈ પોતાના મુસલમાન ભાઈના દોષને જાહેર કરે છે, તેની બુરાઈઓ કરે છે, તેના દોષ જોઈને લોકોને જણાવતો રહે છે, અલ્લાહ તઆલા તેના દોષ અને બુરાઈને એ રીતે જાહેર કરશે કે તેના ઘરમાં તેને અપમાનિત કરી દેશે. માટે આ એક ભયનો સ્થાન છે. અલ્લાહ તઆલાના ફઝલને ગ્રહણ કરવા માટે હંમેશા બીજાના દોષોને જોવાના બદલે પોતાના ઉપર નજર રાખવી જોઈએ તો જ આપણે અલ્લાહ તઆલાના રહેમ અને કૃપાને ગ્રહણ કરી શકીએ છીએ. લોકો કહી દે છે કે જો કોઈની બૂરાઈ જાહેર ન કરીએ તો સુધાર કેવી રીતે થશે. હંમેશા યાદ રાખવું જોઈએ કે જો કોઈનો દોષ જમાઅતના નિઝામને હાનિ પહોચવાનું કારણ બની રહ્યું છે અથવા સમાજના એક વર્ગને પણ પોતાની લપેટમાં લઈને ખરાબ કરી રહ્યો છે તો પછી સુધાર માટે જે લોકો નિયુકત છે, અમીર જમાઅત છે, સદર જમાઅત છે, તેમના સુધી વાત પહોચાડો અથવા મને લખો જેથી સુધાર તરફ ધ્યાન થાય. પરંતુ કોઈની બૂરાઈ જોઈને તેને ફેલાવવું, બીજા સુધી પહોચાડવું હર હાલમાં વર્જિત છે કેમકે તેના દ્વારા બૂરાઈ ખતમ થવાને બદલે ફેલાય છે. આ વિશે આંહઝરત સ.અ.વ.નો નિર્દેશ હંમેશા યાદ રાખવું જોઈએ. આપ સ.અ.વ. એ ફરમાવ્યું કે જો તમે લોકોના દોષો પાછળ પડશો તો તેમને બગાડી દેશો અને સમાજની શાંતિને પણ ભંગ કરશે અને પછી જ્યારે જગ્યા જગ્યાએ લોકોમાં બયાન કરવામાં આવે આ વાતો તો પછી એવા લોકો જેમાં આ દોષ છે સુધારને બદલે તેમાં ઝીદ પૈદા થઈ જાય છે અને પછી ઝીદમાં આવીને તેઓ બીજાને પણ પોતાના જેવા બનાવવાનો પ્રયાસ કરે છે, પોતાની પરિધિને વિસ્તૃત કરતા જાય છે. છુપાવવું સમાપ્ત થઈ જાય છે તથા જ્યારે છુપાવવું ન રહે તો સુધારનો અવસર પણ સમાપ્ત થઈ જાય છે.

આથી અહીયા હું તે લોકોને પણ ધ્યાન અપાવવા માંગુ છું જેમના હવાલે જમાઅતના કામ પણ છે, ખાસ કરીને સુધાર કરનાર વિભાગ કે અત્યંત સાવધાનીથી તથા સહાનુભૂતિની ભાવના રાખતા સુધારનું કાર્ય કરે. કદાપી કોઈ પણ વ્યકિતને આ આભાસ ન થવો જોઈએ કે મારી અમુક દુર્બળતા અમુક અધિકારીઓના કારણે ફેલાઈ છે, લોકોને જાણ થઈ છે. જો આ આભાસ થઈ જાય તો પછી તેની પ્રતિક્રિયા ખુબ ઝડપી થઈ જાય છે. એવા અધિકારીઓને અલ્લાહ તઆલા ફરમાવે છે કે મેં તો તમને જમાઅતની સેવાનો અવસર આપ્યો હતો એટલા માટે કે મારી વિશેષતાઓને અધિકથી અધિક અપનાવો પરંતુ અહીયા તો તમે મારી સત્તારીની વિશેષતાને ઉલટ કરી વ્યાકુળતા અને દ્વેષ પૈદા કરવાનું કારણ બની રહ્યા છો. અલ્લાહ તઆલા સત્તારીને કેટલો પસંદ કરે છે તથા સત્તારી કરનારને કેટલો અધિક વરદાન આપે છે આ વિશે આંહઝરત સ.અ.વ.એ એક અવસરે ફરમાવ્યું કે મુસલમાન મુસલમાનનો ભાઈ છે, તે તેના પર અત્યાચાર નથી કરી શકતો અને ન તેને એકલો છોડે છે. જે વ્યકિત પોતાના ભાઈની મુશ્કેલીઓને દુર કરવામાં લાગ્યો રહે છે અલ્લાહ તઆલા તેની આવશ્યકતાઓ પુરી કરે છે અને જેણે કોઈ મુસલમાનની મુશ્કેલી દુર કરી અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની એક મુશ્કેલી ઓછી કરી દેશે અને જે કોઈ મુસલમાનની સત્તારી કરે છે અલ્લાહ તઆલા કયામતના દિવસે તેની સત્તારી ફરમાવશે.

માટે તે દુયાળુ અને કૃપાળુ ખુદાની દયા અને કૃપાને ગ્રહણ કરવા માટે સત્તારી અને પર્દા પોશી અત્યંત જરૂરી છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. એક અવસરે ફરમાવે છે કે મનુષ્યના ઈમાનનો પણ આ જ કમાલ છે કે તખલ્લુક બિલ્લાહ કરે અર્થાત જે સદાચાર ખુદા તઆલામાં છે તથા વિશેષતાઓ છે તેનો યથાસંભવ અનુસરણ કરે તથા પોતાને ખુદા તઆલાના રંગમાં રંગીન કરવાનો પ્રયાસ કરે. દા.ત. ખુદા તઆલામાં ક્ષમાશીલતા છે, મનુષ્ય પણ ક્ષમાશીલ બને. ખુદા તઆલા સત્તાર છે મનુષ્યે પણ સત્તારીની શાનથી ભાગ લેવો જોઈએ. ફકત જીભનો આનંદ તથા ખુશીનું વાતાવરણ પૈદા કરવા માટે બીજાની બૂરાઈઓને ફેલાવવું, અત્યંત ઘોર પાપ છે જેનાથી પ્રત્યેક અહેમદીએ બચવું જોઈએ. હાં, કોઈનો દોષ જોઈને સાચી સહાનુભૂતિમાં જરૂરીયાત છે કે તેના સુધાર માટે પ્રયાસ કરવામાં આવે જેથી તે બૂરાઈ અથવા દુર્બળતા તે વ્યકિતમાંથી દુર થઈ જાય. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ઈચ્છવું કે જેને દુર્બળ જુવે તેને ગુપ્ત રીતે નસીહત કરે. ચુપ ચાપ અલગ થઈને તેને ઉપદેશ આપો જો ન માને તો તેના માટે દુઆ કરો.

દુઆમાં ખુબ અસર છે, તે મનુષ્ય પર ખુબ ખેદ છે કે એક ના દેષ તો સૌ વાર બયાન કરે છે પણ દુઆ એક વાર પણ નથી કરતો. દોષ કોઈનો તે સમયે બયાન કરવો જોઈએ જ્યારે પહેલા ઓછામાં ઓછા ચાલીસ દિવસ તેના માટે રડી રડીને દુઆ કરી હોય. અમારૂ આ કહેવું નથી કે દોષના સમર્થક બનો બલ્કે આ કે તેનો પ્રચાર અને ગીબત ન કરો. તે દોષને જોઈને ફેલાવશો નહી, ન લોકોની સામે બયાન કરો, ન પાછળ બયાન કરો.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે આ સિલસિલો ચાલી નથી શકતો જ્યાં સુધી કે દયા, દુઆ, સત્તારી તથા પરસ્પર દયાળુ ન હોય. આપ અ.સ. આપણને શું જોવા માંગે છે ? એ જ કે આપણે પરસ્પર એક બીજા માટે દયા ભાવ ઉત્પન્ન કરીએ. એક બીજા માટે દુઆ કરનાર બનીએ, એક બીજાની સત્તારી કરનાર બનીએ. એક અવસરે આપે ફરમાવ્યું કે અમારી જમાઅતે ઈચ્છવું કે કોઈ ભાઈનો દોષ જોઈને તેના માટે દુઆ કરે પરંતુ જો તે દુઆ નથી કરતો તથા તેને બયાન કરીને દુર સિલસિલો ચલાવે છે તો પાપ કરે છે. ફરમાવ્યું કે કયો એવો દોષ છે કે દુર નથી થઈ શકતો, માટે દુઆ દ્વારા બીજાની સહાયતા કરવી જોઈએ અને જ્યારે આ રીતે એક બીજાની સહાયતા કરીશું અને એક બીજાના દોષ કારઢવા અને બીજાની બૂરાઈઓને ફેલાવવાને બદલે એક બીજા માટે દુઆ કરી રહ્યા હશું તો જ આપણે વાસ્તવિક જમાઅત બની શકીશું જે હઝરત મસીહ મૌઉદ અ.સ. બનાવવા માંગતા હતા અને આ જ વાસ્તવિક મુસલમાનની આંહઝરત સ.અ.વ.ના આદેશ અનુસાર અવસ્થા હોવી જોઈએ તથા આ જ હાલત છે જે આપણી મુકિત, ક્ષમા અને સત્તારીનું પણ માધ્યમ બને છે.

આંહઝરત સ.અ.વ.એ અલ્લાહ તઆલાની શરણમાં આવવા તથા તેની કૃપાઓને ગ્રહણ કરવા માટે એક દુઆ પણ સિખવાડી છે જેને આપણે કરતા રહેવું જોઈએ. દુઆ આ છે કે હે અલ્લાહ ! હું તારાથી દુનિયા અને આખિરતમાં શરણ માંગુ છું. મૌલા ! હું તારાથી દીન અને દુનિયા, ધન અને ઘર બારમાં ક્ષમા અને ક્ષમાશીલતાને ચાહું છું. હે અલ્લાહ ! મારી દુર્બળતાઓને છુપાવી દે તથા મને મારા ભયથી અમન આપ. હે અલ્લાહ ! આગળ પાછળ, જમણે ડાબે તથા ઉપરથી સ્વયં મારી રક્ષા કર અને હું તારી મહાનતાની શરણ ચાહું છું કે હું નિચેથી કોઈ દોષનો શિકાર છું.

આમ જ્યારે આપણે આ દુઆ પોતાના માટે કરીએ તો બીજા માટે પણ આ જ ભાવનાઓ રાખનાર થઈએ અને જ્યારે આ હાલત થઈ જાય તો અલ્લાહ તઆલા પછી દુઆઓ કબૂલ પણ કરે છે. અલ્લાહ તઆલા કરે કે આપણે તેની પ્રસન્નતાને પ્રાપ્ત કરનાર બનીએ.

ખુત્બાના અંતમાં હુઝુર અનવરે ફરમાવ્યું કે નમાઝ પછી હું એક જનાઝા ગાયબ પણ પઢાવીશ જે મુકરરમ મલિક સલીમ લતીફ સાહેબ એડવોકેટ, સદર જમાઅત નનકાના સાહેબ પાકિસ્તાનનો છે જે મુકરરમ મલિક મુહમ્મદ શફી સાહેબના પુત્ર હતા. ૭૦ વર્ષ તેમની આયુ હતી. ૩૦ માર્ચ ૨૦૧૭ ના રોજ સવારે ૯ :૦૦ કલાકે ઘરેથી પોતાના પુત્ર સાથે કચેરી જતા રસ્તામાં એક અહેમદિયતના વિરોધી વ્યકિતએ ફાયરિંગ કરીને તેમને શહીદ કરી દીધા. ઈન્ના લિલ્લાહે વ ઈન્ના ઈલૈહે રાઝેઉન. આપે શહીદ મરહૂમના સદ ગુણો બયાન કર્યા અને ફરમાવ્યું કે અલ્લાહ તઆલા શહીદના દરજાત બુલંદ કરે તથા તેમની સંતાનને પણ તેમના પદચિન્હો પર ચલાવે, નેકીઓમાં વધારતો રહે તથા અહેમદિયતના વિરોધીઓ અને દુશ્મનોને પકડવાના જલ્દી સામાન પૈદા ફરમાવે.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 31 March 2017 |
|---|
| BOOK POST (Printed Matter)<br><br>To.................................................................................................<br>.................................................................................................<br>.................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |